# સંન્યાસીનો અનોખો પ્રવાસ | દિગ્ગજ શાહ

[**પૂર્વમાં નવું પશ્ચિમ** (ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ) : સ્વામી સચ્ચિદાનંદ, ગૂર્જર પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૪, પૃ. ૨૮૮, કિં. રૂ. ૯૦/-]

સ્વામી સચ્ચિદાનંદ વિશ્વપ્રવાસી ક્રાંતિકારી સંત છે. ગુજરાતી સાહિત્યમાં તેમના પ્રવાસસાહિત્યનું મહત્ત્વપૂર્ણ યોગદાન છે. 'પૂર્વમાં નવું પશ્ચિમ' પુસ્તકમાં સ્વામીએ ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડના કુલ ૨૪ દિવસના કરેલા પ્રવાસનું રસપ્રદ – રોમાંચક વર્ણન છે. તેમનો પ્રવાસ સિંગાપોર, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, પાછા ઑસ્ટ્રેલિયા અને પાછા સિંગાપોર એમ પાંચ ભાગમાં થયો હતો. તેમણે જે જોયું-અનુભવ્યું અને સમજ્યા તે વાચકો આગળ મૂકવાનો પ્રયત્ન કર્યો છે. પશ્ચિમનાં વખાણ કરવામાં એમણે ક્યાંય ભારતને હલકું નથી ચીતર્યું. એમનો મુખ્ય હેતુ એ છે કે આપણે આપણું સાચું પ્રતિબિંબ જોઈએ અને તેને સુધારીએ.

સ્વામી લખે છે : 'પ્રવાસમાં મારો દષ્ટિકોણ મારા ભારત દેશને પણ આવો સુખી-સમૃદ્ધ અને સુરક્ષિત કેમ બનાવવો તે રહ્યો છે. આપણે ક્યાં ભૂલો કરીએ છીએ અને આપણે હવે શું કરવું જોઈએ તે અભિગમ મુખ્ય રહ્યો છે. આ દેશો સુખી-સમૃદ્ધ કેવી રીતે બન્યા અને આપણે તેવા કેમ ના બન્યા તે પણ જોવા-જાણવા-સમજવાનો પ્રયત્ન થતો રહ્યો છે. એટલે પ્રસ્તુત પુસ્તકને માત્ર કોઈ પ્રવાસવર્ણનનું પુસ્તક ન માની લે. પ્રવાસવર્ણનની સાથે તેમાં ચિંતન પણ છે. ખરું કહું તો પ્રવાસ તો નિમિત્ત છે. પ્રવાસના માધ્યમથી તેમાં મેં મારું ચિંતન – વિચારો – દર્શન – દષ્ટિકોણ જ વધુ મૂક્યાં છે. શક્ય છે કે તે કોઈને ગમે, કોઈને ના પણ ગમે, પણ મેં મારી શક્ય તેટલી તટસ્થતાથી આ વિચારો રાખ્યા છે.'

આત્મશ્લાઘા અને પૂર્વગ્રહોથી મુક્ત આ પુસ્તકમાં કુલ ૩૯ પ્રકરણો છે. પ્રારંભ મુંબઈની ધારાવી ઝૂંપડપટ્ટી વિશે પોતાના ધારદાર વિચાર રજૂ કર્યા છે. પછી સિંગાપોરનો હવાઈ પ્રવાસ શરૂ થાય છે. ૧૯ પ્રકરણો સુધી તેનું ધબકતું વર્ણન છે. ત્યારબાદ ૩૯ પ્રકરણ સુધી ઑસ્ટ્રેલિયાનું રોમાંચકારી વર્ણન છે. બંને વિભાગનાં પરિશિષ્ટોમાં બંને દેશોની ભૌગોલિક – સાંસ્કૃતિક વગેરે વિગતો આપી છે.

સ્વામી પ્રખર ચિંતક છે. તેમનું ચિંતન આ પુસ્તકમાં ઠેર ઠેર છે. તેઓ પશ્ચિમ અને આપણી તુલના કરતાં લખે છે : 'આ લોકો જેટલા ભોગવાદી છે તેટલા જ સાહસવાદી, કર્તવ્યવાદી અને માનવતાવાદી પણ છે. આપણે તેમની એક બાજુને જ કાણી આંખે જોઈને પોતાની જાતને જ નુકસાન કરીએ છીએ. આપણે ત્યાં અભોગવાદી બ્રહ્મચારીઓ સૌપ્રથમ તો પરાવલંબી જીવન જીવે છે અને લોકોને સાહસિક કે વીર બનાવવાની જગ્યાએ પલાયનવાદી બનાવે છે તે પણ યાદ રાખવું જોઈએ. અહીંનાં નર-નારીઓ સ્વાવલંબી જીવન જીવે છે. તે રાષ્ટ્ર કે સમાજ માટે ભારરૂપ નથી બનતાં તે પણ સમજવું જોઈએ.'' (પૃ. ૪૭)

સ્વામીના ચિંતનમાં તાજગી છે. બીજાં કેટલાંક ઉદા. જોઈએ :

''ભારતમાં એવાં લાખ્ખો માણસો હશે જેમણે લગ્ન તો કર્યાં છે, પણ પ્રેમ કર્યો જ નથી. હા, વાસના ભોગવી છે.'' (પૃ. ૫૧)

''લગન હોય તેનાં જ લગ્ન કરવાં જોઈએ. લગન વિનાનાં સૂકાં હાડકાંનો હસ્તમેળાપ કરાવવાનો કશો અર્થ નથી.'' (પૃ. ૧૬૬)

''રાજનેતા થવું એ દુર્લભ છે. તે પછી સફળ થવું તે તો તેનાથી પણ દુર્લભ છે અને તે પછી પ્રજાપ્રિય થવું તે તો અત્યંત દુર્લભ છે. બધા જ રાજાઓ વિક્રમાદિત્ય નથી થઈ શકતા.'' (પૃ. ૧૧૫)

''ધર્મ જ્યારે સંપ્રદાય બને અને સંપ્રદાય જ્યારે ચુસ્ત બને અને આવો ચુસ્ત સંપ્રદાય જ્યારે રાજધર્મ બની જાય પછી ઘૃણા અને આતંકવાદને ખુલ્લું મેદાન મળી જાય.'' (પૃ. ૧૪૧)

''ચિંતા વાસ્તવિક છે અને કલ્યાણકારી પણ છે. કારણ કે ચિંતાથી ઉપાયો થાય છે. ''હું આત્મા છું અને મારે કશી ચિંતા હોય જ નહિ.'' આવી વાતો પોપટિયો બકવાસ છે.'' (પૃ. ૧૯૫)

મારી દષ્ટિએ આ પુસ્તકમાંનાં બે પ્રકરણો વિશેષ ધ્યાન ખેંચનારાં છે : ૧૭મું પ્રકરણ – 'ગે પ્રવૃત્તિ' અને ૩૬મું પ્રકરણ – 'કૅપ્ટન જેમ્સ કૂક'.

સ્વામીએ ''ગે પ્રવૃત્તિ'' વિશે પોતાના સ્ફોટક વિચારો રજૂ કર્યા છે. જે સ્ત્રી-પુરુષો સજાતીય સંબંધોવાળાં હોય તેમાં પુરુષોને ગે કહે છે અને સ્ત્રીઓને લેસ્બિયન કહે છે. સ્વામીનું સ્પષ્ટ કહેવું છે કે ''પ્રથમ તો લોકોને કુદરતસહજ નર-નારીના સંબંધો તરફ વાળવાં જોઈએ. આ સંબંધોમાં એકત્વ અને દઢતા રહે તે માટે ધર્મ તરફ પણ વાળવાં જોઈએ. શ્રદ્ધા અને પ્રેમ દલીલથી પર હોય છે.'' (પૃ. ૧૧૦)

'કૅપ્ટન જેમ્સ કૂક' પ્રકરણમાં સ્વામીએ તેનું જીવનચરિત્ર આલેખ્યું છે. તેઓ લખે છે : ''કૅપ્ટન જેમ્સ કૂકનાં જીવનચરિત્રમાંથી આપણને સાચી પ્રેરણા મળે અને દિશા અને દર્શન બદલાય તે માટે આ પ્રકરણ લખ્યું છે. એક ખેતમજૂરનો છોકરો, પિતાની સાથે ઢોરાં ચરાવતો ચરાવતો વિશ્વપ્રવાસી બન્યો અને પોતાના દેશને મહાન પ્રદાન કર્યું તે પ્રેરણા સૌએ લેવા જેવી ખરી.'' (પૃ. ૨૫૨)

પુસ્તકમાં સ્વામીનો દેશપ્રેમ ઊડીને આંખે વળગે છે. તેમનો સંદેશ એ જ છે કે ''આપણે આપણા સાચા સ્વરૂપને સમજીએ અને સ્વીકારીએ, મિથ્યા આત્મશ્લાઘામાં અને પશ્ચિમની નિંદામાં રાચ્યા ન કરીએ, આટલું થાય તોય બસ.'' (પૃ. ૨૧૯)

આ પુસ્તક રાષ્ટ્રને, રાષ્ટ્રવાદીઓને કાંઈક સાચી દિશાની પ્રેરણા આપવા માટે સક્ષમ છે. ભાષાશૈલી ખૂબ જ ધારદાર અને રસાળ છે. વાચકને ન્યાલ કરી દેશે.